ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૬૨ । વિક્રમ સંવત ૨૦૮૧ : આસો સુદ ૧૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 62 • Dt.03-10-2025 Friday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

03 OCTOBER- 2025 FRIDAY




P.07

ધુરંધર ફિલ્મમાં પરવીન બાબી તરીકે તૃપ્તિ ડિમરીનો કેમિયો



P.07

દીપિકા પાદુકોણ સાથે ઝઘડાની અટકળો પર ફરાહ ખાને મૌન તોડ્યું



સ્વિટ્ઝરલેન્ડના ગ્લેશિયર્સ ખૂબ જ જોખમમાં । બાર મહિનામાં ત્રણ ટકા બરફ પીગળી ગયો 07



07 યુએનમાં ભારતની પાક.ને ફટકાર । માનવાધિકારોને લઈને 'સૌથી ખરાબ રેકોર્ડ વાળો દેશ' ગણાવ્યો

**૪ ઓક્ટોબરે થશે નવા નામની જાહેરાત**

## ચૂંટણી કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે

# ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખની ચૂંટણીનો કાર્યક્રમ જાહેર

### મત ગણતરી અને પરિણામની જાહેરાતના કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાના હોદ્દેદારો સહિત જિલ્લા કક્ષાથી પણ મહત્ત્વના આગેવાનો ઉપસ્થિત રહેશે

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી દ્વારા પ્રદેશ પ્રમુખની ચૂંટણી માટેનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે, જે અંતર્ગત આગામી ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવા પ્રમુખની જાહેરાત થઈ શકે છે. કમલમ ખાતે આ ચૂંટણી પ્રક્રિયાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.પ્રદેશ ભાજપે પ્રમુખની ચૂંટણી માટે વિગતવાર કાર્યક્રમની જાહેરાત કરી છે, જેમાં મુખ્યત્વે બે દિવસની કાર્યવાહીનો સમાવેશ થાય છે:

| | |
|---|---|
| ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા | ૦૩-૧૦-૨૦૨૫ |
| ફોર્મ ચકાસણી પ્રક્રિયા | ૦૩-૧૦-૨૦૨૫ |
| ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા | ૦૩-૧૦-૨૦૨૫ |
| મતદાન પ્રક્રિયા | ૦૪-૧૦-૨૦૨૫ |
| મત ગણતરી અને જાહેરાત | ૦૪-૧૦-૨૦૨૫ |

ચૂંટણી કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટણીના પહેલા જ દિવસે એટલે કે ૦૩ ઓક્ટોબરે ફોર્મ ભરવાથી લઈને ફોર્મ પરત ખેંચવા સુધીની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. આ અગાઉ, ચૂંટણી માટેની મતદાર યાદી પણ જાહેર કરી દેવામાં આવી છે.૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ યોજાનાર મતદાન, મત ગણતરી અને પરિણામની જાહેરાતના કાર્યક્રમમાં પ્રદેશ કક્ષાના હોદ્દેદારો સહિત જિલ્લા કક્ષાથી પણ મહત્ત્વના આગેવાનો ઉપસ્થિત રહેશે.




ઉલ્લેખનીય છે કે, પાર્ટીના આંતરિક સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તમામ આગેવાનોની હાજરીમાં જ નવા પ્રદેશ પ્રમુખના નામની સત્તાવાર જાહેરાત કરવામાં આવી શકે છે. આ ચૂંટણી પ્રક્રિયા ગુજરાત ભાજપના સંગઠનમાં એક નવા અધ્યાયનો પ્રારંભ કરશે અને આગામી રાજકીય રણનીતિ માટે પાયો નાખશે.ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના નવા પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આવતીકાલે, ૩ ઓક્ટોબરે, પ્રદેશ અધ્યક્ષની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. આ ચૂંટણી માટે કુલ ૨૨૯ મતદારોના નામની યાદી જાહેર કરવામાં આવી છે, જે પાર્ટીના બંધારણ મુજબ તૈયાર કરવામાં આવી છે.

**જસપ્રીત બુમરાહએ વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ઈનિંગમાં ત્રણ વિકેટ લીધી**

## જસપ્રીત બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતીય ધરતી ઉપર ૫૦ જેટલી વિકેટ પૂર્ણ કરી

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે પ્રથમ ટેસ્ટ મેચ રમાઈ રહી છે. વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન આ મેચમાં સારું પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા અને મોટા પાયે નિષ્ફળ સાબિત થયા. વેસ્ટ ઈન્ડિઝની આખી ટીમ ફક્ત ૧૬૨ રન જ બનાવી શકી. ભારત માટે, મોહમ્મદ સિરાજ, જસપ્રીત બુમરાહ અને કુલદીપ યાદવે સારી બોલિંગ કરી અને વિરોધી ટીમને ઓછા સ્કોર સુધી રોકવામાં મુખ્ય ભૂમિકા ભજવી.જસપ્રીત બુમરાહએ વેસ્ટ ઈન્ડિઝ સામેની પહેલી ઈનિંગમાં ત્રણ વિકેટ લીધી.

તેણે ઓપનર જોન કેમ્પબેલ, જસ્ટિન ગ્રીવ્સ અને જોહાન લિનને આઉટ કર્યા. આ સાથે, બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ભારતીય ધરતી પર ૫૦ વિકેટ પૂર્ણ કરી. તે ઉઝમાં ઘરઆંગણે ૫૦ વિકેટ લેનાર પ્રથમ ભારતીય ફાસ્ટ બોલર બન્યો. તેમના પહેલા, રવિચંદ્રન અશ્વિન (૧૪૯ વિકેટ) અને રવિન્દ્ર જાડેજા (૯૪ વિકેટ) એ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં ઘરઆંગણે ૫૦ થી વધુ વિકેટ લીધી છે, પરંતુ બંને સ્પિનર છે.જસપ્રીત બુમરાહએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ માં ઘરઆંગણે કુલ ૧૩ મેચ રમી છે, આ સમયગાળા દરમિયાન ૫૦ વિકેટ લીધી છે. આ સમયગાળા દરમિયાન, તેનું શ્રેષ્ઠ પ્રદર્શન એક ઈનિંગમાં ૪૫ રન આપીને ૬ વિકેટ લેવાનું હતું. બુમરાહનો યોર્કર અજોડ છે, અને જ્યારે તે તેની લયમાં હોય છે, ત્યારે તે કોઈપણ બેટિંગ આક્રમણને તોડી શકે છે.જસપ્રીત બુમરાહને ભારતના શ્રેષ્ઠ ખેલાડીઓમાંના એક માનવામાં આવે છે અને તેણે એકલા હાથે ઘણી મેચોમાં ટીમ ઈન્ડિયાને જીત અપાવી છે.







## વડોદરાના લાલબાગ બ્રિજ પર દુર્ઘટના, બુલેટ સ્લિપ થતા રેલિંગ તોડી યુવકનું મોત

। પ્રતિનિધિ, વડોદરા, તા.૨ ।

વડોદરા શહેરમાં મંગળવારની રાત્રે એક દુ:ખદ ઘટના બની હતી. શહેરના લાલબાગ બ્રિજ પર બનેલી આ દુર્ઘટનામાં એક યુવાનનું કરુણ મોત થયું હતું. મળતી માહિતી અનુસાર, ૨૭ વર્ષીય પ્રમોદ સેન નામનો યુવક બુલેટ બાઈક પર પુરઝડપે સવાર હતો. લાલબાગ બ્રિજ પરથી પસાર થતી વેળાએ વિશ્વામિત્રી ટર્ન પાસે તેની બાઈક અચાનક સ્લિપ થઈ ગઈ.ઝડપ એટલી વધુ હતી કે બાઈક નિયંત્રણ ગુમાવી સીધી જ બ્રિજની રેલિંગ સાથે અથડાઈ ગઈ. અથડામણ એટલી જોરદાર હતી કે રેલિંગ તૂટી ગઈ અને યુવક લગભગ ૫૦ ફૂટની ઊંચાઈ પરથી નીચે પટકાઈ ગયો. આ જોરદાર અથડામણ અને ઊંચાઈ પરથી પડવાથી પ્રમોદને ગંભીર ઈજા થઈ અને તેનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું.

## લીંબડી : કૌટુંબીક મહિલા સહિત છ વ્યક્તિઓ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો

। પ્રતિનિધિ, લીંબડી, તા.૨ ।

લીંબડી તાલુકાના જાંબુ ગામે માતાજી ના નિવેધ કરવા આવેલા યુવાન પર કૌટુંબીક મહિલા સહિત છ વ્યકિતઓ તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરીને માર મારતાં નો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. જાંબુ ગામના અને હાલ અમદાવાદ ખાતે રહેતાં નરોતમભાઈ ચાવડા પરીવાર સાથે અમદાવાદથી જાંબુ માતાજીના નેવૈદ્ય કરવા માટે આવ્યા હતાં. તે સમયે તેમના કૌટુંબિક ભાઈ વચ્ચે કોઈ બાબતે ઝઘડો થયો હતો. જેથી નરોતમભાઈએ ગાળો બોલવાની ના પાડતાં તેઓ એકદમ ઉશ્કેરાઈને તેમના પુત્ર રાહુલ ચાવડાને કૌટુંબિક પરીવારની મહિલા સહિત છ વ્યક્તિઓ દ્વારા છરી અને પાઈપ જેવા તિક્ષ્ણ હથિયારો વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી.

### રાજ્યભરમાં વાહનોનું ધૂમ વેચાણ થતા ઓટો ઇન્ડસ્ટ્રીઝમાં તેજીનો માહોલ જામ્યો

# દશેરાના દિવસે જ અમદાવાદમાં ૬૦૦૦ ટુ વ્હીલર જ્યારે ૨૫૦૦ કારની ડિલિવરી થઈ

**જીએસટીમાં ઘટાડો થતા માત્ર ૧૦ દિવસમાં જ કાર અને ટુ વ્હીલરના વેચાણમાં ૧૫ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

વિજયા દશમીનું પર્વ દેશભરમાં ઉજવાઈ રહ્યું છે. અને ખાસ કરીને આ વખતે કેન્દ્ર સરકાર દ્વારા નવરાત્રીના પ્રારંભે જીએસટીના સ્લેબમાં ઘટાડો કરતા ઓટો ડીલર્સને દિવાળી પહેલા દિવાળીનો માહોલ જોવા મળ્યો છે. દશેરાના દિવસે રાજ્યભરમાં વાહનોનું ધૂમ વેચાણ થતા ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં તેજીનો માહોલ જામ્યો છે. દશેરાના દિવસે જ અમદાવાદમાં ૬૦૦૦ ટુ વ્હીલર જ્યારે ૨૫૦૦ કારની ડિલિવરી થઈ છે.આ વખતે પહેલા નોરતેથી જ ઓટો ઈન્ડસ્ટ્રીઝને બુસ્ટર મળ્યું છે. કેન્દ્ર સરકારે જીએસટીના જે ચાર સ્લેબ હતા તેને ઘટાડો કરી બે સ્લેબ જ કરી દીધા છે. જેનો અમલ નવરાત્રીના પહેલા નોરતેથી થયો હતો. ઓટો ડીલર્સ એસોસિએશનના આગેવાનોએ જીએસટીમાં ઘટાડાની જાહેરાતને પગલે તરત જ ઓટો ઈન્ડસ્ટ્રીઝમાં તેજી આવવાની વાત કરી હતી. અને જીએસટી ઘટતા ટુ વ્હીલરની ખરીદી પર ૮થી ૧૨ હજાર સુધીનો ફાયદો ગ્રાહકને થશે. જ્યારે ફોર વ્હીલરની ખરીદી પર ૫૦ હજારથી ત્રણ લાખ સુધીનો ફાયદો થશે તેવું જણાવ્યું હતું. આખરે પહેલા નવરાત્રીથી જ જીએસટી ઘટાડાનો અમલ થતા નવરાત્રીમાં વાહન ખરીદીનું રેકોર્ડ બ્રેક બુકિંગ થયું હતું. જો કે આ જાહેરાત થઈ ત્યારબાદ ઘણા લોકોએ જે નવરાત્રી પહેલા



વાહનો ખરીદી માટે બુકિંગ કરાવ્યા હતા તે કેન્સલ કરાવી નવરાત્રિ બાદ ખરીદીના બુકિંગ કરાવ્યા હતા.આ અંગે ફેડરેશન ઓફ ઓટો ડીલર્સ એસોસિએશનના ચેરમેન પ્રણવ શાહએ જણાવ્યું કે દશેરા પર્વએ રાજ્યમાં વાહનોનું ધૂમ વેચાણ થયું છે. જીએસટી ઘટાડાને લઈને ઓટો ઈન્ડસ્ટ્રીમાં તેજીને પગલે અમદાવાદમાં આજે ૬૦૦૦ ટુ વ્હીલર જ્યારે ૨૫૦૦ કારની ડિલિવરી થઈ છે. આખા રાજ્યની વાત કરવામાં આવે તો રાજ્યમાં આજે ૪૪૦૦૦ ટુ વ્હીલર અને ૧૦૦૦૦ ફોર વ્હીલરનું વેચાણ થયું છે. તેવી જ રીતે છેલ્લા ૧૦ દિવસમાં ૧.૧૦ લાખ વાહનો વેચાયા છે. છેલ્લા દસ દિવસમાં રાજ્યમાં ૩૩૦૦ કરોડના કાર અને ટુ વ્હીલર વેચાયા છે. મહત્વનું છે કે કોરોના કાળ અને ત્યાર પછીના કેટલાક વર્ષો ઓટો ઈન્ડસ્ટ્રીઝ માટે મંદીના વાતાવરણ સમાન બન્યા હતા. પરંતુ આ વખતે જીએસટીમાં ઘટાડો થતા માત્ર ૧૦ દિવસમાં જ કાર અને ટુ વ્હીલરના વેચાણમાં ૧૫ ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો છે.

## અમદાવાદમાં ગોઝારો અકસ્માત; કારની ટક્કરે ત્રણ લોકો નીચે પટકાયા

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના પૂર્વ વિસ્તારમાં આવેલા ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક આર્ટિકા કારના ચાલકે પૂરપાટ ઝડપે આવીને એક મોટરસાયકલ (બાઈક)ને જોરદાર ટક્કર મારી હતી, જેના કારણે બાઈક પર સવાર ત્રણ યુવાનો પૈકી એક યુવાનનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવાનોને ઈજા પહોંચી હતી. બનાવની વિગતો મુજબ, ઠક્કરનગર બ્રિજ પરથી નીચે ઉતરતી વખતે આ અકસ્માત સર્જાયો હતો.કારના ચાલકે ગફલતભરી રીતે ડ્રાઈવિંગ કરીને મોટરસાયકલને ટક્કર મારતાં બાઈક પર સવાર ત્રણેય યુવાનો રોડ પર પટકાયા હતા. આ અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા એક યુવકનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે અન્ય બે યુવાનો ઘાયલ થયા હતા. ઈજાગ્રસ્ત યુવાનોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.અકસ્માત સર્જાયા બાદ કારનો ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક પોલીસનો કાફલો ઘટના-સ્થળે દોડી આવ્યો હતો અને તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. પોલીસે કારના નંબરના આધારે ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

## સિદ્ધપુરના ઇસમે પરણિતા પર ગુજાર્યું દુષ્કર્મ, નરાધમથી ત્રસ્ત મહિલાએ નોંધાવી ફરિયાદ

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૨ ।

મહેસાણાના સિદ્ધપુરમાં એક પરિણીત મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજારવામાં આવ્યો હતો, જેનાથી લોકો ચોંકી ગયા હતા અને ગુસ્સે ભરાયા હતા. રાકેશ ઠાકોર નામના એક વ્યક્તિ પર મહિલાને બ્લેકમેલ કરવાનો,૩ લાખ રોકડા અને સોનાની વીંટીઓ લૂંટવાનો આરોપ છે. તેણે ફોટા વાયરલ કરવાની ધમકી પણ આપી હતી અને તેણીને માનસિક અને શારીરિક ત્રાસ આપ્યો હતો. મહેસાણા એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે પુરુષો, રાકેશ ઠાકોર અને ભાવસંગ વાઘેલા વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.મહેસાણા શહેરના સમર્પણ ચોક, પરાણ ટાવર પાસે આ ચોંકાવનારી ઘટના બની હતી. પીડિતાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે રાકેશ ઠાકોરે વિવિધ સ્થળોએ તેના પર વારંવાર દુષ્કર્મ ગુજાર્યું હતું. આરોપીઓએ મહિલા પર ધમકી આપીને માત્ર શારીરિક હુમલો જ નહીં, પરંતુ તેની પાસેથી મોટી રકમ અને સોનાના દાગીના પણ પડાવી લીધા હતા. મહિલાના જણાવ્યા અનુસાર, આરોપી તેના ખાનગી ફોટા જાહેર કરવાની ધમકી આપીને તેને ધમકાવવાનું ચાલુ રાખ્યું હતું.રાકેશ ઠાકોરની સાથે ભાવસંગ વાઘેલા નામના અન્ય એક પુરુષની પણ આ ઘટનામાં સંડોવણી બહાર આવી છે, અને તેની સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે.

## મુખ્યમંત્રી દ્વારા પોતાના સુરક્ષા પોલીસ જવાનો સાથે વિજ્યા દશમીના પાવન પર્વે શસ્ત્ર પૂજન કર્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨ ।

મુખ્યમંત્રીએ ભારતીય સનાતન સંસ્કૃતિમાં શસ્ત્ર અને શાસ્ત્રના પૂજનની ઐતિહાસિક પુરાતન પરંપરાને આ શસ્ત્ર પૂજનમાં જોડાઈને વધુ ઉજાગર કરી હતી.તેમણે સુરક્ષા કર્મીઓને વિજયા દશમીના પર્વની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક એવું આ વિજયા દશમી પર્વ સમાજની આતતાયી શક્તિઓને પરાસ્ત કરવાનો અવસર પણ છે.સુરક્ષા કર્મીઓએ પણ રાષ્ટ્ર-રાજ્ય અને સમાજની રક્ષા-સુરક્ષા માટે સમર્પિત ભાવ સાથે કર્તવ્યરત રહેવાનું છે તેની વિભાવના મુખ્યમંત્રીએ કર્મના સિદ્ધાંતોને અનુરૂપ ઉદાહરણોથી સમજાવી હતી.મુખ્યમંત્રીના સલામતી પોલીસ અધિક્ષક તેજસ પટેલ, નાયબ પોલીસ અધિક્ષકો, પોલીસ ઈન્સ્પેકટર્સ તથા પી.એસ.આઈ અને કમાન્ડોઝ આ શસ્ત્ર પૂજામાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ ભારતીય સનાતન સંસ્કૃતિમાં શસ્ત્ર અને શાસ્ત્રના પૂજનની ઐતિહાસિક પુરાતન પરંપરાને આ શસ્ત્ર પૂજનમાં જોડાઈને વધુ ઉજાગર કરી હતી.તેમણે સુરક્ષા કર્મીઓને વિજયા દશમીના પર્વની શુભેચ્છાઓ પાઠવતા કહ્યું કે, આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પ્રતિક એવું આ વિજયા દશમી પર્વ સમાજની આતતાયી શક્તિઓને પરાસ્ત કરવાનો અવસર પણ છે.

### સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન

# દશેરાએ સચિવાલયથી મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલનો સફળ ટ્રાયલ રનપનૂતન વર્ષથી શુભારંભ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨ ।

નૂતન વર્ષના આરંભમાં ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગાંધીનગર મેટ્રો રેલની કામગીરી વધુ વેગવાન બની છે.વિજ્યા દશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડવવામાં આવતી મેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન



અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન આ ટ્રાયલ રન પૂર્ણ થયા પછી કમિશનર મેટ્રો રેલ સેફ્ટી સમક્ષ જરૂરી મંજૂરીઓ માટે દરખાસ્ત કરવામાં આવશે અને નૂતન વર્ષના આરંભમાં મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સગવડ મળતી થશે.

આ કામગીરી પૂરી થવાથી અમદાવાદ અને ગાંધીનગરના કુલ ૬૮ કિલોમીટરના રૂટ પરના ૫૩ સ્ટેશનોને મેટ્રો રેલ સુવિધા મળશે અને મુસાફરી વધુ સસ્તી આરામદાયક અને પ્રદૂષણમુક્ત બનશે. નૂતન વર્ષના આરંભમાં ગાંધીનગરના નાગરિકોને મહાત્મા મંદિર સુધી મેટ્રો રેલની સુવિધા ઉપલબ્ધ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગાંધીનગર મેટ્રો રેલની કામગીરી વધુ વેગવાન બની છે.વિજ્યા દશમીના પાવન પર્વે ગાંધીનગરમાં મેટ્રો રેલની ટ્રાયલ રન સચિવાલયથી આગળ વધીને રૂટના અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી સફળતાપૂર્વક શરૂ કરવામાં આવી છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં મેટ્રો રેલની કામગીરી વધુ વેગવંતી બની છે અને હાલ સચિવાલય સુધી દોડવવામાંઆવતીમેટ્રો રેલને વધુ પાંચ સ્ટેશન અક્ષરધામ, જુના સચિવાલય, સેક્ટર-૧૬ અને સેક્ટર-૨૪ તથા અંતિમ સ્ટેશન મહાત્મા મંદિર સુધી ટ્રાયલ રન.



### રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર ગુજરાતની ધરતી પરથી પાકિસ્તાનને ચેતવણી આપી

# જો પાકિસ્તાન તરફથી સર ક્રીક વિસ્તારમાં કોઈ હિમાતક કરવામાં આવશે તો તેનો કડક જવાબ આપવામાં આવશે : રાજનાથ સિંહ

**રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો**



। પ્રતિનિધિ, ભૂજ, તા.૨ ।

રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર ગુજરાતની ધરતી પરથી પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યુ કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતની ડિફેન્સ સિસ્ટમ ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, અમારી સેનાએ તેનો વળતો જવાબ આપ્યો. રક્ષામંત્રીએ કહ્યુ કે જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ હિમાકત કરવામાં આવી તો તેની ભૂગોળ બદલી નાખવામાં આવશે.

રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ 'ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને ઉજાગર કરી અને દુનિયાને તે સંદેશ આપ્યો કે ભારતની સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે.'

તેમણે કહ્યું, "આઝાદીના ૭૮ વર્ષ છતાં, સર ક્રીક વિસ્તારમાં હજુ પણ સરહદ વિવાદ ઉભો થઈ રહ્યો છે. ભારતે વારંવાર વાતચીત દ્વારા આ મુદ્દાને ઉકેલવાનો પ્રયાસ કર્યો છે, પરંતુ પાકિસ્તાનના ઈરાદા ખામીયુક્ત અને અસ્પષ્ટ છે. સર ક્રીકને અડીને આવેલા વિસ્તારોમાં તેના લશ્કરી માળખાગત સુવિધાઓના તાજેતરના વિસ્તરણથી તેના ઈરાદા છતી થાય છે."

રાજનાથ સિંહે કહ્યુ, 'ભારતની સરહદોની રક્ષા ભારતીય સેનાઓ અને બીએસએફ મળી મજબૂતીથી કરી રહી છે. જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ હિમાકત કરવામાં આવી તો તેનો એવો જવાબ આપવામાં આવશે કે ઈતિહાસ અને ભૂગોળ બંને બદલાઈ જશે. પાકિસ્તાને યાદ રાખવું જોઈએ કે કરાચીનો એક રસ્તો ક્રીકથી થઈ પસાર થાય છે.' રક્ષામંત્રી રાજનાથ સિંહે વિજયાદશમી પર ગુજરાતની ધરતી પરથી પાકિસ્તાનને ચેતવણી આપી છે. તેમણે કહ્યુ કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને ભારતની ડિફેન્સ સિસ્ટમ ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, અમારી સેનાએ તેનો વળતો જવાબ આપ્યો. રક્ષામંત્રીએ કહ્યુ કે જો સર ક્રીક વિસ્તારમાં પાકિસ્તાન તરફથી કોઈ હિમાકત કરવામાં આવી તો તેની ભૂગોળ બદલી નાખવામાં આવશે.રક્ષામંત્રીએ વિજયાદશમીના પર્વ પર ગુજરાતના કચ્છમાં શસ્ત્ર પૂજન કાર્યક્રમમાં ભાગ લીધો હતો. ત્યારબાદ તેમણે ભારતીય સૈનિકોને સંબોધિત કરતા કહ્યુ 'ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાને લેહથી લઈને સર ક્રીકના આ વિસ્તાર સુધી ભારતની ડિફેન્સ સિસ્ટમને ભેદવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જ્યારે ભારતીય સેનાએ પોતાની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની એર ડિફેન્સ સિસ્ટમને ઉજાગર કરી અને દુનિયાને તે સંદેશ આપ્યો કે ભારતની સેનાઓ જ્યારે ઈચ્છે, જ્યાં ઈચ્છે અને જે રીતે ઈચ્છે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડી શકે છે.'

### રાજકોટની ધોળકિયા સ્કૂલના ગુમ થયેલ બાળકો જુનાગઢથી મળી આવ્યા હતા

# રાજકોટની નામાંકિત ધોળકિયા સ્કૂલના ત્રણ વિદ્યાર્થીઓ ગુમ થતા ખળભળાટ । બાળકોની માતાનું હૈયાફાડ રૂદન

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨ ।

રાજકોટની ધોળકિયા સ્કૂલના ગુમ થયેલ બાળકો જુનાગઢથી મળી આવ્યા હતા. બુધવારના રોજ બપોરે ૪.૪૫ વાગે સ્કૂલેથી બાળકો શિક્ષક ઠપકો આપતા નીકળી ગયા હતા. સમગ્ર મામલે ઝી ૨૪ કલાકના અહેવાલની ધારદાર અસર ફરીવાર જોવા મળી છે. બાળકો માતા પિતાને સહી સલામત મળી આવ્યા છે . બાળકોને શિક્ષકે ઠપકો આપતા સ્કૂલેથી નીકળી એસટી બસમાં બેસી જુનાગઢ પહોંચ્યા હતા. ગુમ થયેલ બાળકોમાંના એક બાળક પાસે ૪૦૦ હતા, જે ૪૦૦ થકી તેવો જુનાગઢ પહોંચ્યા હતા. પરંતુ સમગ્ર મામલે ધોળકિયા સ્કૂલની સિક્યુરિટી ઉપર પણ સવાલ ઊભા થઈ રહ્યા છે કે બાળકો સ્કૂલથી બહાર જતા રહ્યા પરંતુ કોઈ સિક્યુરિટી ગાર્ડ આ બાળકોને રોકવા ગેટ ઉપર જોવા નથી મળી રહ્યા નથી. સમગ્ર મામલે સીસીટીવી પણ સામે આવ્યા હતા કે બાળકો ગીતની બહાર મસ્તી કરતા નીકળી જાય છે. ત્યારબાદ આ બાળકો રિક્ષામાં બેસીને એસ.ટી બસ સ્ટેશનને પહોંચે છે અને ત્યાંથી એસટી બસ મારફતે જુનાગઢ જતા રહે છે ત્યારે જુનાગઢમાં આ બાળકો જ્યારે મળી આવે છે ત્યારે તેમના વાલીઓ સાથે બાળકોની ફોન ઉપર વિડીયોકોલ મારફતે વાત કરવામાં આવે છે અને ઓળખ કરવામાં આવે છે. ત્યારબાદ રાજકોટ પોલીસ આ બાળકોને લેવા જુનાગઢ પહોંચે છે અને મૂડી રાત્રે રાજકોટ પોલીસ આ બાળકોને રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન ખાતે પરત લઈ આવે છે.

## મોરબીના હળવદમાં તળાવમાં ડૂબી જવાથી પિતા-પુત્રીનું કરુણ મોત


। પ્રતિનિધિ, મોરબી, તા.૨ ।

મોરબી જિલ્લાના હળવદ તાલુકામાં એક અત્યંત કરુણ ઘટનામાં પિતા અને પુત્રીનું તળાવમાં ડૂબી જવાથી મોત નિપજ્યું છે. આ ઘટના હળવદના મિયાણી ગામની સીમમાં બની હતી, જ્યાં ખેતમજૂરી કરતા પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.મળતી માહિતી મુજબ, મૃતકોની ઓળખ સંજયભાઈ પારસિંગભાઈ રાઠવા (ઉંમર ૪૧) અને તેમની પુત્રી ક્રિષ્ના સંજયભાઈ રાઠવા (ઉંમર ૩) તરીકે થઈ છે. આ પરિવાર મૂળ છોટા ઉદેપુર જિલ્લાના ચીમલી ગામનો વતની હતો અને મિયાણી ગામની સીમમાં એક વાડીમાં રહીને ખેતમજૂરી કરતો હતો.સોમવારે (૨૯ સપ્ટેમ્બર) સંજયભાઈ અને તેમની નાની પુત્રી ક્રિષ્ના વાડી નજીક આવેલા તળાવમાં ન્હાવા ગયા હતા. કમનસીબે, ન્હાવા દરમિયાન બંને ઊંડા પાણીમાં ગરકાવ થઈ ગયા હતા અને ડૂબી જવાથી તેમના મોત નિપજ્યા હતા. એક જ પરિવારના પિતા અને પુત્રીના એક સાથે મૃત્યુથી સમગ્ર શ્રમિક પરિવારમાં અને સ્થાનિક વિસ્તારમાં શોક અને અરેરાટી વ્યાપી ગઈ છે.

## હિંમતનગરની હાથમતી કેનાલમાં તણાયેલા યુવકનો આખરે ૨૪ કલાક બાદ મૃતદેહ મળ્યો

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૨ ।

હિંમતનગરમાં ગાયને બચાવવાનો પ્રયાસ કરતી વખતે હાટમતી કેનાલમાં પડી ગયેલા એક યુવાનનો મૃતદેહ ૨૪ કલાકની સઘન શોધખોળ બાદ મળી આવ્યો છે. આ ઘટનાથી સ્થાનિક સમુદાયમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને યુવાનની બહાદુરીની વ્યાપક ચર્ચા થઈ રહી છે.ગઈકાલે,૧ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ, હિંમતનગર નજીક હાટમતી કેનાલમાં એક ગાય પ્રવાહ સામે સંઘર્ષ કરતી જોવા મળી હતી. એક સ્થાનિક યુવક, જેનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, તેણે ગાયને બચાવવા માટે તાત્કાલિક નહેરમાં કૂદી પડ્યો હતો. જોકે, જોરદાર પ્રવાહ અને ઊંડા પાણી તેના માટે જીવલેણ સાબિત થયા. યુવાનને પાણીમાં ખેંચી લેવામાં આવ્યો અને ગાય સાથે ગાયબ થઈ ગયો.ઘટનાની માહિતી મળતાં, હિંમતનગર ફાયર વિભાગની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. શોધને વધુ અસરકારક બનાવવા માટે કેનાલનો પાણી પુરવઠો બંધ કરવામાં આવ્યો હતો. ફાયર વિભાગના કર્મચારીઓ, ડાઈવર્સ અને સ્થાનિક સ્વયંસેવકોએ સંયુક્ત શોધખોળ શરૂ કરી હતી. લગભગ ૨૪ કલાકના અથાક પ્રયાસો પછી, ૨ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સવારે યુવાનનો મૃતદેહ નહેરમાંથી મળી આવ્યો. કમનસીબે, ગાયને પણ બચાવી શકાઈ નહીં. મૃતદેહ મળ્યા પછી, તેને તાત્કાલિક યુવાનના પરિવારને સોંપવામાં આવ્યો. ઘટના અંગે એ-ડિવિઝન પોલીસને જાણ કરવામાં આવી છે, અને પ્રાથમિક તપાસમાં મૃત્યુ અકસ્માત હોવાનું બહાર આવ્યું છે. હિંમતનગરમાં ગાયને બચાવવાનો પ્રયાસ કરતી વખતે હાટમતી કેનાલમાં પડી ગયેલા એક યુવાનનો મૃતદેહ ૨૪ કલાકની સઘન શોધખોળ બાદ મળી આવ્યો છે. આ ઘટનાથી સ્થાનિક સમુદાયમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને યુવાનની બહાદુરીની વ્યાપક ચર્ચા થઈ રહી છે.






## તંત્રી લેખ...

# કુપોષણનુ દુષણ જારી

ભારતમાં સ્વતંત્રતાના ૭૫ વર્ષ બાદ પણ કુપોષણનુ દુષણ રહ્યુ છે જે ચિંતાની બાબત છે. દેશમાં તમામ સરકારો આ દુષણને રોકવા માટે વિવિધ પગલા લેતી રહી છે પરંતુ આ દુષણ હજુ જારી રહ્યુ છે. એકબાજુ ભારત દુનિયાના બીજા સૌથી મોટા ખાદ્યાન્ન ઉત્પાદક દેશ તરીકે છે તો બીજી બાજુ કુપોષણના આંકડા વિચારણા કરવા માટે મજબુર કરે છે. વિકાસના તમામ મોટા મોટા દાવા છતાં ભારત હજુ પણ ભુખમરા અને ગરીબી જેવી મુળભુત સમસ્યામાં ગ્રસ્ત છે. આ બંને સમસ્યાને દુર કરવાના પ્રયાસ યુદ્ધના સ્તરે કરવામાં આવી રહ્યા હોવા છતાં પરિણામ ૧૦૦ ટકા મળી રહ્યા નથી. સમય સમય પર થનાર અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે તમામ પ્રકારની સારી યોજનાઓની જાહેરાત કરવામાં આવી હોવા છતાં દેશમાં ભુખમરા અને ગરીબી પર લગામ લગાવી દેવામાં સફળતા મળી નથી. વર્તમાનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા વ્યાપક સ્તર પર ખાદ્ય સુરક્ષા અને ગરીબી વિરોધી કાર્યક્રમ ચલાવી દેવામાં આવ્યા છે. તેમ છતાં પુરતા પ્રમાણમાં પરિણામ મળી રહ્યા નથી. તમામ પ્રકારની યોજનાનો લાભ લેનાર લોકો અને નહીં લેનાર લોકોની સંખ્યામાં ખુબ અંતર છે. જે સાબિત કરે છે કે પ્રાથમિકતાના સ્તર પર કમી જોવા મળે છે. દેશમાં એક તૃતિયાંશ કરતા વધારે બાળકો આજે પણ કુપોષણના શિકાર થયેલા છે. અમે ખુશ થઈ શકીએ છીએ કે છેલ્લા એક દશકના ગાળામાં કુપોષણમાં ઘટાડો થયો છે. પરંતુ સંપૂર્ણ ચિત્ર પર નજર કરવામાં આવે તો હજુ નિરાશા હાથ લાગે છે. ખુશી સ્થાયી થઈ શકે તેમ નથી. સામાન્ય રીતે અમારે ત્યાં સામાન્ય કુપોષણગંભીર રીતે કુપોષણ એક મહામારી તરીકે દેખાય છે. કુપોષણ ભારતમાં એક મહામારીની જેમ મોટી સંખ્યામાં બાળકોને તેના સકંજામાં આવી લે છે. આ સમસ્યાને હાથ ધરવા માટે જે પગલા લેવામાં આવી રહ્યા છે તે પગલા પુરતા અસરકારક સાબિત થઉ રહ્યા નથી. ભુખમરાની સામે લડાઈમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકારો, વૈશ્વિક સંગઠનો અને સ્થાનિક તંત્ર પોત પોતાની રીતે કામ કરે તે જરૂરી છે. તમામ સંબંધિતો પોત પોતાના કાર્યક્રમોને વધારે સારા સ્વરૂપમાં રજૂ કરવામાં આવે તે જરૂરી છે. કેટલાક રિપોર્ટ તો સાફ શબ્દોમાં ઈશારો કરે છે કે પુરતા પ્રમાણમાં પોષણની ખાતરી કરવામાં દેશ નિષ્ફળ છે. અલબત્ત કુપોષણના સ્તરને ઘટાડી દેવા માટેના પ્રયાસમાં કેટલાક સ્તરમાં ઘટાડો થયો છે. ગંભીર રીતે કુપોષણનો શિકાર રહેલા બાળકોની ટકાવારી વર્ષ ૨૦૦૫-૦૬માં ૪૮ ટકા હતી તે હવે ઘટીને ૨૦૧૫-૧૬માં ૩૮.૪ ટકા જેટલી થઈ હતી. ભારતમાં પાંચ વર્ષથી નીચેની વયના બાળકોમાં કુપોષણનુ પ્રમાણ ૩૫.૭ ટકાની આસપાસ છે. જેમાં બિહારમાં સંખ્યા સૌથી વધારે ૪૮.૩ ટકાની આસપાસ છે. ત્યારબાદ ઉત્તરપ્રદેશ, ઝારખંડ, મેઘાલય અને અન્ય રાજ્યો આવે છે. કુશળ મેનેજમેન્ટવાળા રાજ્યોમાં કેરળ, ગોવા, મેઘાલય તમિળનાડુ અને અન્ય રાજ્યો છે. જે રાજ્યોમાં સરકાર પરિવાર નિયોજન, જન્મ આરોગ્ય કાર્યક્રમની અવગણના કરી રહી છે ત્યાં કુપોષણની સમસ્યા સૌથી વિકટ અને ગંભીર બનેલી છે.

# શારરિક કસરતને લઇને લાપરવાહી



હાલમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અને વ્યાપક અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે દેશની અડધીથી વધારે વસ્તીનો શારરિક પ્રવૃતિ અથવા તો ફિજિકલ એક્ટિવિટીમાં કોઈ રસ નથી. દેશના અડધા લોકો શારરિક ગતિવિધીથી દુર રહેવાનુ પસંદ કરે છે. એટલે કે આળસ રાખે છે. ૧૦ ટકાથી પણ ઓછા લોકો એવા છે જે મનોરંજન તરીકે શારરિક ગતિવિધીમાં સામેલ રહે છે. આસીએમઆરના ડેટામાં આ બાબતનો ખુલાસો થયો છે. જો કે કેટલાક લોકો આ ખુલાસા સાથે સહતમ નથી. તેમની દલીલ છે કે આધુનિક ભારતમાં લોકો શારરિક ફિટનેસને લઈને વધારે સાવધાન થઈ રહ્યા છે. દિલ્હી સ્થિત પ્રાઈમસ સુપર સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ ઓર્થોપેડિક્સ અને જોઈન્ટ રિપ્લેસમેન્ટ વિભાગના તબીબો કહે છે કે આધુનિક સમયમાં આર્થરાઈટિસ જેવી જોડની તકલીફ હવે વય સુધી મર્યાદિત રહી નથી. શારરિક રીતે કામ ન કરવાની બાબત પણ આ બિમારીના બોઝને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે. ડબલ્યુએચઓના રિપોર્ટમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાભરમાં પાંચમાંથી એક પુખ્તવયના લોકો અને પાંચમાંથી ચાર કિશોર વયના લોકો શારરિક ગતિવિધી કરતા નથી. જેના કારણે હેલ્થ કેરપર ૫૪ અબજ ડોલરની સીધી અસર થઈ રહી છે. તબીબો કહે છે કે આઈસીએમઆરના આંકડા દર્શાવે છે કે ૫૪.૪ ટકા લોકો શારરિક ગતિવિધી કરવામાં રસ ધરાવતા નથી. આ સરકારી એજન્સી દ્વારા કરવામાં આવેલા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકો યાત્રા અને મનોરંજન સાથે જોડાયેલી શારરિક ગતિવિધીની તુલનામાં કામમાં વધારે સમય પસાર કરે છે. આળસી જીવનશેલી, કસરત ન કરવાની બાબત અથવા તો કોઈ પ્રોફેશનલની દેખરેખ વગર કસરત કરવાથી યુવાના જોડમાં લિગામેન્ટમાં તકલીફ પડે છે. જેમ જેમ અમારી વય વધે છે અમારા શરીરમાં કામ કરવાની ક્ષમતા ઘટતી જાય છે. અમારા શરીરમાં હાડકા ફરી બનવા અને રિપેયર થવાની ક્ષમતા ઓછી થવા લાગી જાય છે. અમારા ઘુટણમાં મુલાયમ ટિશ્યુ હોય છે જેને કાર્ટિલેજ કહેવામાં આવે છે. જે માંસપેશિયાઓને ટેકો આપે છે. જેના કારણે શારરિક ગતિવિધી કરતી વેળા સરળતા મળે છે.આ એક પ્રકારથી શોક ઓબ્ઝર્વર તરીકે કામ કરે છે. સમયની સાથે આ મુલાયમ ટિશ્યુ ઘસી જાય છે. જેના કારણે જોડમાં જગ્યાઓ બનતી જાય છે. કાર્ટિલેજના ડિજરનેશનના કારણે આર્થરાઈટિસ થવા લાગી જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક રસપ્રદ અભ્યાસમાં જાણવા મળ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધી કસરત લાઈફમાં ત્રણ વર્ષનો ઉમેરો કરે છે. તાઈબાનમાં તાજેતરમાં જ કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની બાબત જાણવા મળી છે. અભ્યાસાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે મોટાભાગના લોકો ૩૦ મિનિટ સુધીની કસરત કરે તો તેમના લાઈફમાં ઉમેરો કરી શકે છે. અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે સપ્તાહમાં પાંચ દિવસ કસરત કરવાથી પણ ફાયદો મળે છે. નિષ્ણાંતોએ કહ્યું છે કે ઓછા ડોઝના કારણે ઓછો ફાયદો થાય છે પરંતુ નિયમિત રીતે ૩૦ મિનિટ સુધી કસરત ખૂબ જ આદર્શ છે. લીડ રિચર્સર તાઈવાનના સીપેગે કહ્યું છે કે દિવસમાં ૧૫ મિનિટ સુધીની કસરતથી પણ ફાયદો થાય છે. વોકીંગથી પણ ફાયદો થાય છે. તાઈવાનની નેશનલ હેલ્થ રિચર્સ ઈન્સ્ટ્રીટ્યુટના પેંગે કહ્યું છે કે પુરુષો, મહિલાઓ, યુવાનો અને વૃદ્ધ લોકો તેમજ ધૂમ્રપાન કરનાર લોકો તથા અસ્વસ્થ રહેતા લોકો માટે પણ નિયમિત પણે કસરત ખૂબ જ ઉપયોગી છે. જ્યારે પણ દર્દીઓ કોઈ ખાસ તકલીફના દર્દીને જુએ છે ત્યારે વોકીંગની સલાહ આપે છે અથવા તો તેને હળવી કસરતની સલાહ આપે છે. મેડીકલ જનરલમાં પ્રકાશિત થયેલા તેમના તારણોમાં જણાવવામાં આવ્યું છે કે ૪૧૬૦૦૦ લોકોને આવરી લઈને આ સર્વે કરવામાં આવ્યો હતો જેમાં મોટાભાગના લોકોના મત જાણવામાં આવ્યા હતા. તેમના આરોગ્ય અંગે પણ પ્રશ્નો કરવામાં આવ્યા હતા. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે ૧૫ મિનિટ કસરતથી ઉપયોગી ફાયદો થાય છે. દરરોજની કસરત કેન્સરના જોખમને ઘટાડવામાં ઉપયોગી સાબિત થાય છે.



## વિશેષ

લેખક : નરેન્દ્ર મોદી

### રાષ્ટ્રીય સાધનાના ૧૦૦ વર્ષ

**હજારો વર્ષોથી અસ્તિત્વમાં રહેલી પરંપરાનું પુનઃસ્થાપન હતું, જેમાં રાષ્ટ્રીય ચેતના સમયાંતરે યુગના પડકારોનો સામનો કરવા માટે નવા અવતારોમાં પ્રગટ થઈ છે । આ યુગમાં, સંઘ એ શાશ્વત રાષ્ટ્રીય ચેતનાનો સદ્ગુણી અવતાર છે । આપણી સ્વયંસેવકોની પેઢીનું સૌભાગ્ય છે કે આપણે સંઘના શતાબ્દી વર્ષ જેવા મહાન પ્રસંગના સાક્ષી બની રહ્યા છીએ**

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ૧૦૦ વર્ષ પહેલાં વિજયાદશમીના શુભ તહેવાર પર કરવામાં આવી હતી

**સંઘના વિવિધ સંગઠનો જીવનના દરેક પાસાઓ સાથે જોડાણ કરીને રાષ્ટ્રની સેવા કરે છે. સંઘે શિક્ષણ, કૃષિ, સમાજ કલ્યાણ, આદિવાસી કલ્યાણ, મહિલા સશક્તિકરણ સહિત સામાજિક જીવનના ઘણા ક્ષેત્રોમાં સતત કાર્ય કર્યું**



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ૧૦૦ વર્ષ પહેલાં વિજયાદશમીના શુભ તહેવાર પર કરવામાં આવી હતી. આ હજારો વર્ષોથી અસ્તિત્વમાં રહેલી પરંપરાનું પુનઃસ્થાપન હતું, જેમાં રાષ્ટ્રીય ચેતના સમયાંતરે યુગના પડકારોનો સામનો કરવા માટે નવા અવતારોમાં પ્રગટ થઈ છે. આ યુગમાં, સંઘ એ શાશ્વત રાષ્ટ્રીય ચેતનાનો સદ્ગુણી અવતાર છે. આપણી સ્વયંસેવકોની પેઢીનું સૌભાગ્ય છે કે આપણે સંઘના શતાબ્દી વર્ષ જેવા મહાન પ્રસંગના સાક્ષી બની રહ્યા છીએ. આ પ્રસંગે, હું રાષ્ટ્રીય સેવાના હેતુ માટે સમર્પિત લાખો સ્વયંસેવકોને મારી શુભકામનાઓ પાઠવું છું. હું સંઘના સ્થાપક, આપણા આદર્શ...પરમ પૂજ્ય ડૉ. હેડગેવારને મારી શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. ભારત સરકારે સંઘના ૧૦૦ વર્ષની આ ભવ્ય યાત્રાને યાદ કરવા માટે ખાસ ટપાલ ટિકિટ અને સ્મારક સિક્કા પણ બહાર પાડ્યા છે.

જેમ માનવ સંસ્કૃતિઓ મહાન નદીઓના કિનારે ખીલે છે, તેવી જ રીતે સંઘના કિનારે પણ સેંકડો જીવન ખીલ્યા છે. જેમ એક નદી જે ક્ષેત્રોમાંથી વહે છે તેને સમૃદ્ધ બનાવે છે, તેમ સંઘે આ દેશના દરેક ક્ષેત્ર અને સમાજના દરેક પાસાને સ્પર્શ કર્યો છે. જેમ એક નદી અનેક પ્રવાહોમાં પોતાને પ્રગટ કરે છે, તેમ સંઘની યાત્રા પણ એવી જ છે. સંઘના વિવિધ સંગઠનો જીવનના દરેક પાસાઓ સાથે જોડાણ કરીને રાષ્ટ્રની સેવા કરે છે. સંઘે શિક્ષણ, કૃષિ, સમાજ કલ્યાણ, આદિવાસી કલ્યાણ, મહિલા સશક્તિકરણ સહિત સામાજિક જીવનના ઘણા ક્ષેત્રોમાં સતત કાર્ય કર્યું છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત દરેક સંગઠનનો એક જ ઉદ્દેશ્ય, એક જ ભાવના છેઃ રાષ્ટ્ર પ્રથમ.

તેની સ્થાપનાથી, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે રાષ્ટ્ર નિર્માણના ભવ્ય ધ્યેયને અનુસર્યો છે. આ ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવા માટે, સંઘે વ્યક્તિગત વિકાસ કરતાં રાષ્ટ્ર નિર્માણનો માર્ગ પસંદ કર્યો, અને આ માટે પસંદ કરેલી પદ્ધતિ નિયમિત, ચાલુ શાખાઓ હતી. સંઘ શાખાઓ પ્રેરણાનું મેદાન છે, જ્યાં સ્વયંસેવકની અહંકારથી સ્વ તરફની યાત્રા શરૂ થાય છે. સંઘ શાખાઓ વ્યક્તિત્વ વિકાસની બલિદાન વેદી છે.

રાષ્ટ્રનિર્માણનો ઉમદા ઉદ્દેશ, વ્યક્તિગત વિકાસ માટે સ્પષ્ટ માર્ગ અને શાખા જેવી સરળ, ગતિશીલ પદ્ધતિ સંઘની સો વર્ષની યાત્રાનો પાયો રહી છે. આ સ્તંભો પર ઊભા રહીને, સંઘે લાખો સ્વયંસેવકોને ઉછેર્યા છે જે વિવિધ ક્ષેત્રોમાં દેશને આગળ ધપાવી રહ્યા છે.

જ્યારથી સંઘ અસ્તિત્વમાં આવ્યો છે, ત્યારથી રાષ્ટ્રની પ્રાથમિકતા હંમેશા તેની પોતાની રહી છે. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન, સૌથી આદરણીય ડૉ. હેડગેવાર સહિત ઘણા કાર્યકરોએ સ્વતંત્રતા ચળવળમાં ભાગ લીધો હતો. ડૉક્ટર સાહેબને ઘણી વખત જેલમાં મોકલવામાં આવ્યા હતા. સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન સંઘ અસંખ્ય સ્વાતંત્ર્ય સેનાનીઓનું રક્ષણ કરતો રહ્યો, તેમની સાથે ખભા મિલાવીને કામ કરતો રહ્યો. સ્વતંત્રતા પછી પણ, સંઘ રાષ્ટ્ર માટે અથાક મહેનત કરતો રહ્યો. આ યાત્રા દરમિયાન, સંઘ વિરુદ્ધ કાવતરાં ઘડવામાં આવ્યા, અને તેને કચડી નાખવાના પ્રયાસો કરવામાં આવ્યા. ઋષિ જેવા, સૌથી આદરણીય ગુરુજીને ખોટા કેસમાં ફસાવવામાં આવ્યા. પરંતુ સંઘના સ્વયંસેવકોએ ક્યારેય કડવાશનો માર્ગ છોડ્યો નહીં. તેઓ જાણે છે કે આપણે સમાજથી અલગ નથી; સમાજ આપણાથી બનેલો છે. સમાજ સાથે એકતા અને બંધારણીય સંસ્થાઓમાં શ્રદ્ધાએ સંઘના સ્વયંસેવકોને દરેક કટોકટીમાં અડગ અને સમાજ પ્રત્યે સંવેદનશીલ રાખ્યા છે.

શરૂઆતથી જ, સંઘ દેશભક્તિ અને સેવાનો પર્યાય રહ્યો છે. જ્યારે ભાગલાના દુઃખથી લાખો પરિવારો બેઘર થઈ ગયા, ત્યારે સ્વયંસેવકોએ શરણાર્થીઓની સેવા કરી. દરેક આપત્તિમાં, સંઘના સ્વયંસેવકો, તેમના મર્યાદિત સંસાધનો સાથે, મોખરે ઉભા રહ્યા છે. આ ફક્ત રાહત ન હતી; તે રાષ્ટ્રના આત્માને મજબૂત બનાવવાનું કાર્ય હતું. વ્યક્તિગત મુશ્કેલીઓ સહન કરવી અને અન્ય લોકોના દુઃખને દૂર કરવું એ દરેક સ્વયંસેવકનું લક્ષણ છે. આજે પણ, સ્વયંસેવકો કુદરતી આફતના સમયમાં સૌથી પહેલા પહોંચનારાઓમાં સામેલ છે.

તેની ૧૦૦ વર્ષની સફરમાં, સંઘે સમાજના વિવિધ વર્ગોમાં આત્મ જાગૃતિ અને આત્મસન્માન જાગૃત કર્યું છે. સંઘે દેશના દુર્ગમ વિસ્તારોમાં પણ કામ કર્યું છે, જ્યાં પહોંચવું સૌથી મુશ્કેલ છે. દાયકાઓથી, સંઘે આદિવાસી પરંપરાઓ, રિવાજો અને આદિવાસી મૂલ્યોના સંરક્ષણ અને જાળવણીમાં ફાળો આપ્યો છે, તેની ફરજ નિભાવી છે. આજે, સેવા ભારતી, વિદ્યા ભારતી, એકલ વિદ્યાલય, વનવાસી કલ્યાણ આશ્રમ, વગેરે આદિવાસી સમુદાયો માટે સશક્તીકરણના સ્તંભ તરીકે ઉભરી આવ્યા છે.

સદીઓથી સમાજમાં રહેલા દુષણો, શ્રેષ્ઠતા અને હીનતાની લાગણીઓ અને દુષ્ટ પ્રથાઓ, હિન્દુ સમાજ માટે એક મોટો પડકાર રહ્યા છે. આ એક ગંભીર ચિંતા છે જેના પર સંઘ સતત કામ કરી રહ્યું છે. ડોક્ટર સાહેબથી લઈને આજ સુધી, સંઘના દરેક મહાન વ્યક્તિત્વ, દરેક સરસંઘચાલક, ભેદભાવ અને અસ્પૃશ્યતા સામે લડ્યા છે. પરમ પૂજ્ય ગુરુજીએ સતત "ના હિન્દુ પતિતો ભવેત" ની ભાવનાને પ્રોત્સાહન આપ્યું છે. પૂજ્ય બાળાસાહેબ દેવરસજી કહેતા હતા, "જો અસ્પૃશ્યતા પાપ નથી, તો દુનિયામાં કોઈ પાપ નથી!" સરસંઘચાલક તરીકે સેવા આપતા, પૂજ્ય રજ્જુ ભૈયાજી અને પૂજ્ય સુદર્શનજીએ પણ આ ભાવનાને પ્રોત્સાહન આપ્યું હતું. વર્તમાન સરસંઘચાલક, આદરણીય મોહન ભાગવતજીએ પણ સમાજ માટે એક કૂવો, એક મંદિર અને એક સ્મશાનગૃહ રાખવાનું



## વિશેષ

લેખક : રાજનાથ સિંહ

### આરએસએસ એક બહુમતીવાદી સંગઠન છે તે સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા છે

**હરમંદિર સાહિબ પર બીજો આયોજિત હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે આરએસએશસ્વયંસેવકોએ ગુરુદ્વારાના રક્ષણ માટે માનવ વર્તુળ બનાવ્યું અને હુમલાખોરોને સફળતાપૂર્વક ભગાડ્યા । આરએસએશસાથે સાથે લોકોની લાઇફસ્ટાઇલ પણ સ્વસ્થ રહે છે**

# આરએસએસ : સેવા, બલિદાન અને રાષ્ટ્રનિર્માણની શતાબ્દી યાત્રા

**ડો. કેશવ બલિરામ હેડગેવારે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની સ્થાપના કરી, ત્યારે બહુ ઓછા લોકોએ કલ્પના કરી હશે**



સંઘના કાર્યને જોતાં, એવું સરળતાથી કહી શકાય કે કેટલાક લોકો દ્વારા કરવામાં આવેલા આક્ષેપો કે આરએસએસ એક બહુમતીવાદી સંગઠન છે તે સંપૂર્ણપણે પાયાવિહોણા અને ખોટા છે. સ્વતંત્રતા સમયે પણ, સંઘે ભારતના લઘુમતી અને તેમના પૂજા સ્થાનોનું રક્ષણ કરવામાં મદદ કરી હતી. માર્ચ ૧૯૪૭માં, જ્યારે મુસ્લિમ લીગ દ્વારા ઉશ્કેરવામાં આવેલ એક ટોળું શ્રી હરમંદિર સાહિબ તરફ આગળ વધ્યું, ત્યારે તલવારો અને લાકડીઓથી સજ્જ ઈજીજી સ્વયંસેવકોએ તેમનો સામનો કર્યો જ નહીં પરંતુ તેમને પીછેહઠ કરવા માટે પણ મજબૂર કર્યા. ત્રણ દિવસ પછી, જ્યારે હરમંદિર સાહિબ પર બીજો આયોજિત હુમલો કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો, ત્યારે આરએસએશસ્વયંસેવકોએ ગુરુદ્વારાના રક્ષણ માટે માનવ વર્તુળ બનાવ્યું અને હુમલાખોરોને સફળતાપૂર્વક ભગાડ્યા.આરએસએશસાથે સાથે લોકોની લાઈફસ્ટાઈલ પણ સ્વસ્થ રહે છે. વાહન ઉત્સર્જનના નિયમોમાં પણ વ્યાપક ફેરફારો કરવામાં આવ્યા છે. આરએસએસઃ સેવા, બલિદાન અને રાષ્ટ્રનિર્માણની શતાબ્દી યાત્રા - રાજનાથ સિંહસંરક્ષણ મંત્રી આરએસએસઃ સેવા, બલિદાન અને રાષ્ટ્રનિર્માણની શતાબ્દી યાત્રામંત્રી - જ્યારે ડૉ. કેશવ બલિરામ હેડગેવારે ૨૭ સપ્ટેમ્બર, ૧૯૨૫ના રોજ નાગપુરમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ની સ્થાપના કરી, ત્યારે બહુ ઓછા લોકોએ કલ્પના કરી હશે કે આગામી સો વર્ષોમાં આ સંગઠન આટલું વિશાળ અને પ્રભાવશાળી બનશે. છેલ્લા દસ દાયકાઓમાં, આરએસએસ એ ભારતના સામાજિક પાયાને મજબૂત બનાવ્યો છે, તેની સાર્વભૌમત્વનું રક્ષણ કર્યું છે, નબળા લોકોને સશક્ત બનાવ્યા છે અને ભારતીય સંસ્કૃતિના મૂલ્યોનું જતન કર્યું છે. આજે, આરએસએસનિઃસ્વાર્થ સેવાનું જીવંત પ્રતીક બની ગયું છે. આરએસએસના શતાબ્દી ઉજવણી પ્રસંગે, તેની યાત્રાને યાદ કરવી યોગ્ય અને જરૂરી બંને છે.દિલ્હીમાં તાજેતરમાં એક કાર્યક્રમમાં, સરસંઘચાલક શ્રી મોહન ભાગવતે ઈજીજી ની સમાવેશી વિચારધારા પર ચર્ચા કરતા કહ્યું, "ધર્મ વ્યક્તિગત પસંદગીનો વિષય છે; તેમાં કોઈ લાલચ કે બળજબરી હોવી જોઈએ નહીં." આ નિવેદન આરએસએસની મુખ્ય વિચારધારાને પ્રતિબિંબિત કરે છેઃ સમાજમાં સંવાદિતા, સંઘર્ષ નહીં; એકતા હોવી જોઈએ, વિભાજન નહીં, ભૌતિક વસ્તુઓ માટે સ્પર્ધા નહીં, પરંતુ જીવનના અર્થ પર ભાર મૂકવો જોઈએ. આજે પણ, આરએસએસની દૈનિક શાખાઓ અને તેના સ્વયંસેવકો દ્વારા ચલાવવામાં આવતા કાર્યક્રમો ભારતીય સંસ્કૃતિમાં શિસ્ત, આત્મવિશ્વાસ અને ગૌરવને પ્રેરણા આપે છે, જે એક સારા ભારતનું નિર્માણ કરવાનો માર્ગ મોકળો કરે છે.તેથી, એ સ્વાભાવિક છે કે, આરએસએસના અનુકરણીય યોગદાનને માન્યતા આપતા, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ૭૯મા સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લાની પ્રાચીર પરથી આરએસએસને "વિશ્વનું સૌથી મોટું બિન-સરકારી સંગઠન" તરીકે વર્ણવ્યું અને દેશવાસીઓને આરએસએસની સો વર્ષની ભવ્ય, પ્રેરણાદાયક અને સમર્પિત યાત્રાની યાદ અપાવી.૧૯૪૭માં, જ્યારે ભારતે સ્વતંત્રતાની ઉજવણી કરી, ત્યારે ભાગલાની દુર્ઘટનામાં મોટા પાયે જાનહાનિ થઈ અને લાખો લોકો તેમના ઘરોમાંથી વિસ્થાપિત થયા. આવી ભયાનક પરિસ્થિતિમાં, આરએસએસસ્વયંસેવકો શિસ્તબદ્ધ, સંગઠિત અને નિઃસ્વાર્થ સ્વયંસેવકો તરીકે ઉભરી આવ્યા. તેઓએ હિંસાથી પ્રભાવિત લોકોને સુરક્ષા અને તબીબી સંભાળ પૂરી પાડી, અને વિસ્થાપિત લોકોના પુનર્વસનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું. ભાગલા પહેલા પણ, આરએસએસના બીજા સરસંઘચાલક, શ્રી ગુરુજી (એમ. એસ. ગોલવલકર) અને આરએસએસના ઘણા વરિષ્ઠ નેતાઓએ પંજાબના વિવિધ હિંસાગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી અને ત્યાંના લોકોને સ્વરક્ષણ અને રાહત કાર્ય માટે સંગઠિત કર્યા હતા. આ સમયગાળા દરમિયાન આરએસએસની ભૂમિકાનો અંદાજ એ હકીકત પરથી લગાવી શકાય છે કે પ્રવર્તમાન પરિસ્થિતિથી ગભરાયેલા કોંગ્રેસ નેતાઓને પણ તેમના પરિવારો અને સમુદાયોનું રક્ષણ કરવા માટે તેમની મદદ લેવી પડી હતી. સ્વયંસેવકોની સેવાને કારણે ધ ટ્રિબ્યુન અખબારના એક અહેવાલમાં આરએસએસને "પંજાબનો તલવારબાજ" કહેવામાં આવ્યું હતું.ભાગલા પછી પણ આરએસએસનું સામાજિક સેવા કાર્ય અવિરત ચાલુ રહ્યું. ૧૯૮૪માં, જ્યારે શીખ વિરોધી રમખાણો ફાટી નીકળ્યા અને હજારો શીખો માર્યા ગયા, ત્યારે આરએસએસના સ્વયંસેવકો શીખ સંરક્ષણ અને રાહત પ્રયાસોમાં મોખરે હતા. લેખક ખુશવંત સિંહ આ વાતની પુષ્ટિ કરે છે.



### ગળાકાપ સ્પર્ધાનાં સમયમાં દરેક ક્ષેત્રમાં સંતોષજનક દેખાવ જરૂરી

**કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઇ પણ સારા કામ કરી શકતા નથી ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે**

# સતત પરફોર્મ સુધારવાની જરૂર

**સુધારા માટે સતત પ્રયાસ કરવા, આગળ વધવાના એટીટ્યુડ રાખવાની બાબત પણ જરૂરી છે : જોબ માટે રીડિઝાઇન કરવાની પણ જરૂર**

સફળતા કઈ રીતે મળી શકે છે તે બાબત ખુબ મહત્વપૂર્ણ બની ગઈ છે. સફળતા હાંસલ કરવા માટે તમામ પ્રયાસો સતત કરવામાં આવે છે. કેટલાક કિસ્સામાં સારા પ્રયાસો છતા પણ સફળતા મળતી નથી. જાણકાર નિષ્ણાંત અને બજારમાં મોટી સફળતા મેળવી ચુકેલા લોકો કહે છે કે પરફોર્મમાં સુધારા કરીને મોટી સફળતા હાંસલ કરી શકાય છે. કેટલાક કર્મચારી ખરાબ પરફોર્મના કારણે એટલા બધા ડરી જાય છે કે તેઓ આગળ કઈ પણ સારા કામ કરી શકતા નથી. ખરાબ પરફોર્મ બાદ પણ પ્લાનિંગની સાથે સુધારા કરી શકાય છે અને આગળ વધી શકાય છે. પરફોર્મમાં સુધારા કરવા માટે કેટલીક બાબતો પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. શુ આપના પ્રોફેશનલ પરફોર્મમાં ઘટાડો થયો છે ? શુ તમે તમારી સફળતાથી અસંતુષ્ટ છો ? રિવ્યુને લઈને પણ પ્રશ્નો થતા રહે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે પરફોર્મમાં ઘટાડો થવાનો મતલબ દુનિયાનો અંત નથી. આ આપની પ્રોફેશનલ યાત્રામાં મોટા તબક્કા તરીકે હોઈ શકે છે. આપને ભવિષ્યની સફળતા માટે મોટા પગલા લેવા જોઈએ.

સુધારાના તમામ પ્રયાસ કરવામાં આવે તે જરૂરી છે. આપના પરફોર્મ રિવ્યુ આપના યોગદાન અને અન્ય બાબતો માટે યોગ્ય પિક્ચર નથી. કોઈ એક વ્યક્તિની નજરમાં આપનો દેખાવ કમજોર હોઈ શકે છે. આ પ્રકારના કોઈ એક વ્યક્તિના નિવેદનના કારણે આપની વર્ષની ગતિવિધી અને એક્ટિવીટીસ અને યોગદાનને ગણી શકાય નહીં. તમામ પ્રકારની સ્થિતીને સ્વીકાર કરીને ભવિષ્ય માટે સુધારાત્મક પગલા લેવા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. મજબુતીની સાથે પરફોર્મમાં સુધારા માટે કામ કરવામાં આવે તે જરૂરી છે. જોબની રીડિઝાઈન કરવામાં આવે તે પણ જરૂરી છે. શુ આપની અંદર વર્તમાન રોલને અદા કરવા માટેની યોગ્યતા છે. હોઈ શકે કે આપ ટોપ લેવલના કેડર હો અથવા તો વ્યક્તિગત રીતે યોગદાન આપતો હોય પરંતુ ટીમ લીડર તરીકે નિષ્ફળતા મળી શકે છે. જો જરૂરી યોગ્યતાનો અભાવ દેખાય છે તો જોબને લઈને રીડિઝાઈન કરવામાં આવી શકે છે. જે ચીજો ફિટ બેસતી નથી તે ચીજોને દુર કરી દેવામાં આવે તે જરૂરી છે. પોતાની તાકાત પર કામ કરવામાં આવે તે જરૂરી છે. પ્રોફેશનલ ઈમેજ નબળી હોવાના કારણે પરફોર્મને કમજોર ગણવામાં આવે છે. એવુ બની શકે છે કે બે વર્ષ પહેલા પ્રજેનટેન્શનમાં આપે ન્યુમેરિકલ ભુલ કરી દીધી હોય અને લોકોમાં એવી છાપ ઉભી થઈ ગઈ કે આપના ડેટામાં વિશ્વાસ કરી શકાય તેમ નથી.કોઈ પણ સંસ્થામાં પોતાની સ્ટોરી લાઈનમાં ફેરફાર કરવામાં આવે તે જરૂરી છે. એવા કામ હાથમાં પહેલા લેવા જોઈએ જેના કારણે લોકોમાં વિશ્વાસ જાગી શકે. કર્મચારીઓમાં આત્મવિશ્વાસ જગાવવા માટેના તમામ પ્રયાસો થવા જોઈએ.

શુ તમે ગયા વર્ષે કોઈ બિમારીના કારણે પરેશાન હતા અથવા તો પારિવારિક સમસ્યાના કારણે સંઘર્ષ કરી રહ્યા હતા એવુ પણ બની શકે કે આપે કોઈ ખોટા નિર્ણય કર્યા હોય. અથવા તો ખોટી કંપન જ્વોઈન કરી લીધી હોય. એક પગલુ પાછળ જઈને મોટા પિક્ચર પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. અપેક્ષાથી લઈને વાસ્તવિકતા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જે રીતે કોઈ ક્રિકેટર પાસેથી દરેક મેચમાં સદીની અપેક્ષા રાખી શકાય નહી તેવ જ રીતે તમે દર વર્ષે શાનદાર પરિણામ કેમ આપી શકો છો. આપ સમય સમય પર કંપની દ્વારા આપની પાસેથી રાખવામાં આવી રહેલી અપેક્ષાઓ અને આશા અંગે માહિતી મેળવી શકાય છે. ફિડબેક લેતા રહેવાથી ઘણા સારા કામ થઈ શકે છે. માસિક અને ત્રિમાસિક આધાર પર માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. કેટલીક વખત જરૂરી સંશાધનોના કારણે પણ સફળતા મળી શકતી નથી. ઈન્ટર ડિપાર્ટમેન્ટલ સપોર્ટ ન મળવાના કારણે પણ કેટલીક વખત નિષ્ફળતા હાથ લાગે છે. કેટલાક કિસ્સામાં મેનેજરની મદદ મળી શકતી નથી. સિસ્ટમના કામ કરવાના તરીકાના સંબંધમાં માહિતી એકત્રિત કરવામાં આવે તે જરૂરી છે. જુદી જુદી બાબતોને ધ્યાનમાં રાખીને નોકરીની જગ્યાએ અથવા તો કોર્પોરેટ જગતમાં વ્યક્તિ પોતાની ઈચ્છિત સફળતા હાંસલ કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com



નારંગી અને પીળા રંગનું એલર્ટ જારી

# ઝારખંડના અનેક ભાગોમાં ભારે વરસાદ પડી રહ્યો છે

। રાંચી, તા.૨ ।

ઝારખંડમાં વરસાદ સતત તબાહી મચાવી રહ્યો છે, ત્યારે દુમકા જિલ્લામાં એક ૫૦ વર્ષીય મહિલા એક નાળામાં તણાઈ ગઈ હતી, અધિકારીઓએ જણાવ્યું હતું. હવામાન વિભાગે ગઢવા, પલામુ અને ચતરા જિલ્લાઓ માટે 'નારંગી ચેતવણી' (તૈયાર રહો) અને લાતેહાર, હજારીબાગ, બોકારો, કોડરમા, ગિરિડીહ અને ધનબાદ માટે 'પીળો ચેતવણી' (સાવધાન રહો) ૪ ઓક્ટોબર સુધી જારી કર્યો છે. બુધવારે કોડરમા, ચતરા, હજારીબાગ, દુમકા અને રાંચી સહિત અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો. દશેરાની ઉજવણી દરમિયાન ગુરુવારે રાજ્યની રાજધાની અને અન્ય ઘણા વિસ્તારોમાં વરસાદ ચાલુ રહ્યો. બુધવારે રાત્રે દુમકા શહેરના ગિલાનપાડા વિસ્તારમાં એક મહિલા નાળામાં તણાઈ ગઈ હતી. તેણીની ઓળખ સાવિત્રી દેવી તરીકે થઈ છે.ટાઉન પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ જગરનાથ ધને જણાવ્યું હતું કે ઘૂંટણ સુધી પાણીમાં ચાલતી વખતે, મહિલા તેના ઘરથી લગભગ ૫૦ મીટર દૂર નાળામાં લપસી ગઈ અને તણાઈ ગઈ. તેમણે કહ્યું કે મહિલાનો મૃતદેહ મળી આવ્યો છે અને તેને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો છે. આઈએમડી આઈએમડીએ જણાવ્યું હતું કે આગામી થોડા દિવસો સુધી રાજ્યમાં વરસાદ ચાલુ રહેવાની ધારણા છે.રાંચી હવામાન કેન્દ્રના પ્રભારી અભિષેક આનંદે જણાવ્યું હતું કે, ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ વરસાદ અને છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદ પડી શકે છે.

### સીમા પારથી આવેલા આતંકવાદીઓએ

# ૨૬ ભારતીયોને તેમનો ધર્મ પૂછ્યા પછી મારી નાખ્યા । આતંકવાદી હુમલાએ દેશને શોક અને આક્રોશમાં મૂકી દીધો : ભાગવત

**રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે નાગપુરમાં વિજયાદશમી સમારોહને સંબોધિત કર્યો । પ્રસંગે મોહન ભાગવતે દેશના લોકોને સ્વદેશીને પ્રોત્સાહન આપવાની અપીલ કરી અને પડોશી દેશોમાં ચાલી રહેલા અશાંતિનો પણ ઉલ્લેખ કર્યો**

। નાગપુર, તા.૨ ।

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે સંઘની ૧૦૦મી વર્ષગાંઠ નિમિત્તે નાગપુરમાં વિજયાદશમી સમારોહને સંબોધિત કર્યો. આ પ્રસંગે મોહન ભાગવતે દેશના લોકોને સ્વદેશીને પ્રોત્સાહન આપવાની અપીલ કરી અને પડોશી દેશોમાં ચાલી રહેલા અશાંતિનો પણ ઉલ્લેખ કર્યો. આરએસએસ વડાએ પહેલગામ હુમલા અને ઓપરેશન સિંદૂરનો પણ ઉલ્લેખ કર્યો.



પોતાના સંબોધનમાં, આરએસએસ વડા મોહન ભાગવતે કહ્યું કે આ વર્ષે ગુરુ તેગ બહાદુરના બલિદાનની ૩૫૦મી વર્ષગાંઠ છે. તેમણે ભારતની ઢાલ બનીને સાંપ્રદાયિક સૌહાર્દ માટે સર્વોચ્ચ બલિદાન આપ્યું. આજે, ૨ ઓક્ટોબર, સ્વર્ગસ્થ મહાત્મા ગાંધીની જન્મજયંતિ છે. આપણા સ્વતંત્રતા સંગ્રામમાં તેમનું યોગદાન અવિસ્મરણીય છે. જો કે, તે સમયના આપણા દાર્શનિક નેતાઓમાં, જેમણે સ્વતંત્રતા પછી ભારત કેવું હોવું જોઈએ તે અંગે પોતાના વિચારો આપ્યા હતા, તેઓ અગ્રણી સ્થાન ધરાવે છે. આજે સ્વર્ગસ્થ લાલ બહાદુર શાસ્ત્રીની જન્મજયંતિ છે, જેમણે દેશ માટે પોતાનું જીવન બલિદાન આપ્યું. આ રાષ્ટ્ર પ્રત્યેની ભક્તિ અને સેવાના ઉત્તમ ઉદાહરણો છે.

પહલગામ હુમલાનો ઉલ્લેખ કરતા, મોહન ભાગવતે કહ્યું, "સીમા પારથી આવેલા આતંકવાદીઓએ ૨૬ ભારતીયોને તેમનો ધર્મ પૂછ્યા પછી મારી નાખ્યા. આ આતંકવાદી હુમલાએ દેશને શોક અને આક્રોશમાં મૂકી દીધો. આપણી સરકાર અને સશસ્ત્ર દળોએ, સંપૂર્ણ રીતે તૈયાર રહીને, યોગ્ય જવાબ આપ્યો." સરકારના સમર્પણ, સશસ્ત્ર દળોની બહાદુરી અને સમાજમાં એકતાએ દેશમાં એક આદર્શ વાતાવરણ બનાવ્યું. આ ઘટના અને અમારા ઓપરેશન પછી વિવિધ દેશોએ ભજવેલી ભૂમિકાએ આપણા સાચા મિત્રોને ખુલ્લા પાડ્યા. દેશની અંદર પણ, એવા ગેરબંધારણીય તત્વો છે જે દેશને અસ્થિર કરવાનો પ્રયાસ કરે છે.

સંઘના વડાએ કહ્યું કે પ્રવર્તમાન આર્થિક વ્યવસ્થા અનુસાર, દેશ આર્થિક વિકાસ પ્રાપ્ત કરી રહ્યો છે. જોકે, વર્તમાન આર્થિક વ્યવસ્થાની કેટલીક ખામીઓ પણ સ્પષ્ટ થઈ રહી છે. આ વ્યવસ્થા શોષણ માટે એક નવી પદ્ધતિ બનાવી શકે છે. પર્યાવરણને નુકસાન થઈ શકે છે. અમેરિકા દ્વારા અપનાવવામાં આવેલી તાજેતરની ટેરિફ નીતિ દરેકને અસર કરી રહી છે. આવી સ્થિતિમાં, આપણે વર્તમાન આર્થિક વ્યવસ્થા પર સંપૂર્ણપણે નિર્ભર ન રહેવું જોઈએ. નિર્ભરતા મજબૂરીમાં ફેરવાઈ ન જવી જોઈએ.

## યુવાનો માટે નમવાનું ભૂલી જાઓ, હું મારું માથું પણ કાપી નાખી શકું છું : સીએમ ધામી

। દહેરાદુન, તા.૨ ।

